# સરસોલીમાં આંબેડકર આવાસ યોજનાનો છેલ્લો હપ્તો ટલ્લે ચઢતાં રોષ

## ધરમધક્કા ખાવા છતાં હપ્તો ન મળવાથી મુશ્કેલી



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

બાયડ તાલુકાના સરસોલીમાં આંબેડકર આવાસ યોજનાનો લાભ લેનારા ૪ લાભાર્થીઓનો છેલ્લો હપ્તો ટલ્લે ચઢતાં લાભાર્થીઓમાં તંત્ર સામે રોષ ભભૂક્યો છે. નિયત સમયમાં આવાસ તૈયાર કર્યા હોવા છતાં કોઈપણ કારણોસર બાકી રૂા.૨૦,૦૦૦નો હપ્તો મળ્યો ન હોવાથી આ મુદ્દે ઉચ્ચ કક્ષાએ ફરિયાદ કરવાની લાભાર્થીઓએ તૈયારીઓ શરૂ કરી છે.

રાજ્ય સરકારની આવાસ યોજનાઓના કારણે અસંખ્ય પરિવારોને ઘરનું ઘર મળ્યું છે. સરકારી આવાસ યોજનાઓના લાભ માટે જરૂરી પુરાવા આપવા છતાં કોરોના કાળમાં ગ્રાન્ટના અભાવે અનેક પરિવારોનાં આવાસ મંજૂર હોવા છતાં કામ શરૂ કરવા માટે લીલીઝંડી આપવામાં આવી નથી. જ્યારે જે આવાસ યોજનાઓના કામ શરૂ થયાં તેમાં પણ હપ્તાનું ચૂકવણું અટવાતું હોવાથી લાભાર્થીઓ હાલાકી અનુભવી રહ્યા છે. બાયડ તાલુકાના સરસોલીમાં રોહનભાઈ કાળાભાઈ નાડીયા, જયેશભાઈ કાન્તિભાઈ નાડીયા, લાલાભાઈ રણછોડભાઈ નાડીયા અને જેઠાભાઈ વણકર સહિત ૪ લાભાર્થીઓએ આંબેડકર આવાસ તૈયાર કરવા માટે જરૂરી વિગતો સાથે ફોર્મ ભર્યા જેમાં આવાસ મંજૂર થયા. મંજૂરીની લીલીઝંડી અપાતાં જેમ જેમ કામ આગળ ધપ્યું તેમ હપ્તાનું ચૂકવણું કરવામાં આવ્યું પરંતુ આવાસ સંપૂર્ણ તૈયાર થયા પછી ચારેય લાભાર્થીઓને છેલ્લા હપ્તો ચૂકવવામાં આવ્યો નથી જેથી લાભાર્થીઓ રોષે ભરાયા છે. રૂા.૨૦,૦૦૦નો હપ્તો ક્યાં અટવાયો છે તે જાણવા માટે લાભાર્થીઓ સબંધિત કચેરીઓના ધરમધક્કા ખાઈ થાક્યા છે. તંત્ર દ્વારા આવાસ તૈયાર કર્યા પછી પણ બાકી રહેલ હપ્તો ચૂકવવામાં નહીં આવે તો લાભાર્થીઓએ ગાંધીનગર સુધી રજૂઆત કરવાની તૈયારી કરી છે.

# રક્ષાબંધન : જિલ્લાના બજારોમાં રાખડીના ઢગ ખડકાયા, આજથી ઘરાકીની સંભાવના

## અવનવી રાખડી બજારમાં દેખાઈ



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

ભાઈ-બહેનના પવિત્ર પ્રેમનું પર્વ ગણાતું રક્ષાબંધન રવિવારે છે. ત્યારે સાબરકાંઠા, અરવલ્લીના બજારોમાં અવનવી રાખડીઓના ઢગ ખડકી દેવામાં આવ્યા છે. આજે શનિવાર બપોર બાદ રાખડી બજારમાં ધુમ ઘરાકી જોવા મળી શકે છે. જ્યારે મીઠાઈ બજાર પણ રક્ષાબંધન પર્વ ઉપર મોટો મદાર રાખીને બેઠું છે.

રક્ષાબંધન પર્વ સમય જતાં હાઈટેક બન્યું છે. અગાઉ મોટી રાખડીઓની બોલબાલા હતી. સમય જતાં હવે રાખડીઓનું કદ નાનું થઈ ગયું છે અને તેમાં પણ અવનવી વેરાઈટીનો ઉમેરો થયો છે. કેટલીક સુખી-સંપન્ન બહેનો ભાઈને હવે સોના અને ચાંદીની રાખડીઓ પહેરાવીને રક્ષાબંધન પર્વને યાદગાર બનાવે પરંતુ ગરીબ અને મધ્યમ વર્ગની બહેનો માટે સસ્તા ભાવની રાખડી માટે પણ ભાઈ માટે અણમોલ પ્રેમની નિશાની બની રહી છે. જિલ્લાના બજારોમાં સીઝનેબલ ધંધો કરનારા વેપારીઓએ રાખડીના ધંધામાં રોકાણ કર્યું પરંતુ શહેરી અને ગ્રામિણ વિસ્તારોમાં, છેક સોસાયટી-ફળીયામાં રાખડીનું વેચાણ કરનારાઓએ સ્થાનિક વેપારીઓની ઉંઘ હરામ કરી દીધી છે. કોરોનાના કારણે અનેક પરિવારો આર્થિક સંકળામણ અનુભવે છે. જ્યારે શૈક્ષણિક સંસ્થાઓમાં પણ ધો.૧ થી ૮ નું પ્રત્યક્ષ શિક્ષણ બંધ છે. જેથી શૈક્ષણિક સંકુલોમાં રક્ષાબંધન પર્વની ઉજવણી માત્ર ધો.૯ થી ૧૨માં સંભવ બનશે તેની સીધી અસર પણ રાખડી બજાર ઉપર અત્યાર જોવા મળી છે. જિલ્લાના બાયડ થી ખેરોજ સુધીના બજારોમાં નજર કરો ત્યાં રાખડી બજાર જોવા મળ્યું છે. એ તો ઠીક પરંતુ કેટલાક મધ્યમ વર્ગીય પરિવારે રક્ષાબંધન પર્વમાં કમાઈ લેવાના ઉદ્દેશ્યથી ફૂટપાથ તેમજ જાહેર રસ્તા આસપાસ રાખડીના વેચાણની શરૂઆત કરી છે.

### રાશિ પ્રમાણે રાખડી બાંધવી : જ્યોતિષીઓ નવું લાવ્યા..

બાયડ : હવે રાખડી પર્વમાં પણ જ્યોતિષનો પ્રભાવ વધ્યો છે. કેટલાક જ્યોતિષીઓએ રાશિ પ્રમાણે કયા રંગની રાખડી શુભ તેની વણમાગી સલાહ આપી છે. જ્યોતિષ શાસ્ત્રમાં માનતી અનેક બહેનોએ જ્યોતિષીઓ સૂચવેલા રંગ પ્રમાણેની રાખડીઓ ખરીદી છે જે રવિવારે રક્ષાબંધન પર્વના દિવસે વ્હાલસોયા ભાઈના જમણા હાથના કાંડે બાંધી ભાઈ અને તેના પરિવારની દિર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરશે.

| રાશિ | રાખડીનો રંગ |
|---|---|
| મેષ | લાલ, પીળા રંગની |
| વૃષભ | ગુલાબી રંગની |
| મિથુન | લીલા રંગની |
| કર્ક | સફેદ, પીળા રંગની |
| સિંહ | ગુલાબી રંગની |
| કન્યા | લીલી, વાદળી રંગની |
| તુલા | વાદળી અને મિક્ષ રંગની |
| વૃશ્ચિક | લાલ રંગની |
| ધન | કેસરી રંગની |
| મકર | વાદળી, લીલા રંગની |
| કુંભ | વાદળી, લીલા રંગની |
| મીન | પીળા રંગની |

# અરવલ્લી જિલ્લામાં કહેર મચાવતો ડેન્ગ્યુનો રોગચાળો, ૧૫૦ થી વધુ શંકાસ્પદ કેસ

## એડિસ મચ્છરોના ઉપદ્રવને નાથવામાં આરોગ્ય તંત્ર નિષ્ફળ



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

જિલ્લામાં એડિસ મચ્છરોનો ઉપદ્રવ વધતાં ૧૫૦ થી વધુ ડેન્ગ્યુના શંકાસ્પદ કેસ નોંધાયા છે. મચ્છરોના ઉપદ્રવને નાથવામાં આરોગ્ય તંત્ર નિષ્ફળ રહેતાં આવનારા દિવસોમાં મુશ્કેલીઓ વધી શકે છે.

વરસાદ ખેંચાય છે, રોગચાળો વકર્યો છે, દિવસે..દિવસે સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોના સંક્રમણમાં ઘટાડો થયા પછી ફરીથી નવા કેસ સામે આવી રહ્યા છે. જ્યારે મચ્છરજન્ય રોગચાળામાં સાદા અને ઝેરી મેલેરીયાના કેસ કરતાં આશ્ચર્યજનક રીતે ડેન્ગ્યુના કેસમાં વધારો થઈ રહ્યો છે. જિલ્લાના મોડાસા, ધનસુરા, માલપુર, ભિલોડા, હિંમતનગર, તલોદ, પ્રાંતિજ, ઈડર સહિતના વિસ્તારોમાં શંકાસ્પદ ડેન્ગ્યુના કેસ વધવા લાગ્યા છે. આરોગ્ય તંત્ર દ્વારા ડેન્ગ્યુના કેસ ન હોવાનું રટણ ચાલુ રહ્યું છે પરંતુ ખાનગી હોસ્પિટલોમાં ડેન્ગ્યુથી પીડીત દર્દીઓની સંખ્યામાં દિવસે..દિવસે વધારો થઈ રહ્યો છે. માત્ર બાયડમાં જ શંકાસ્પદ ડેન્ગ્યુના ૧૬ થી વધુ કેસ હોવાનું જાણવા મળ્યું છે.

# ઉત્તર ગુજરાતમાં તહેવારો ટાણે પુરવઠાનું સર્વર ખોટકાયું

## વધારાના રેશનીંગના જથ્થા માટે કાર્ડધારકો સલવાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

ઉત્તર ગુજરાતની સસ્તા અનાજની દુકાનોમાંથી કાર્ડધારકોને શ્રાવણના તહેવારોને ધ્યાનમાં રાખી વધારાનો રેશનીંગનો જથ્થો ફાળવવામાં આવ્યો છે પરંતુ શુક્રવારે સવારે પુરવઠા તંત્રનું સર્વર ટાયડા ઘોડાની જેમ ફસકી જતાં હાલાકી ઉભી થઈ હતી. વધારાના રેશનીંગનો જથ્થો લેવા માટે કાર્ડધારકો દુકાનોમાં કતાર લગાવીને ઉભા રહ્યા પરંતુ સર્વર ખોટકાયું હોવાના કારણે રેશનીંગનો જથ્થો લેવામાં ખાસ્સો સમય પસાર કરવાનો વારો આવતાં કાર્ડધારકોમાં રોષ છવાયો છે. કેટલાક વિસ્તારોમાં તો સર્વરના ધાંધિયાના કારણે લાભાર્થી કાર્ડધારકોને વધારાના રેશનીંગના જથ્થાથી વંચિત રહેવાની ફરજ પડી છે.



રાજ્ય સરકાર દ્વારા એન.એફ.એસ. અંતર્ગત રેશનીંગ કાર્ડ ધરાવતા ગ્રાહકોને ૧૮ ઑગષ્ટથી અનાજ, ખાંડ, તેલનું વિતરણ કરવાની જાહેરાત કરવામાં આવી હતી જેમાં ઉત્તર ગુજરાતના સરકારી ગોડાઉનોમાં ફાળવાયેલો જથ્થો સસ્તા અનાજની દુકાનો સુધી પહોંચાડી વિતરણ શરૂ કરવામાં આવ્યું છે પરંતુ ગત રોજ પુરવઠા તંત્રનું સર્વર ખોટકાયું હતું જેના કારણે ઉપલબ્ધ જથ્થાનું વિતરણ કરવામાં ધાંધિયા ઉભા થયા હતા. ગ્રાહકોને ધક્કા ખાવા છતાં સમયસર પુરવઠો મળી શક્યો ન હતો. પુરવઠા વિભાગ દ્વારા અગાઉ રેશનીંગ કાર્ડની પાત્રતા ધરાવતા ગ્રાહકોને નિ:શુલ્ક અનાજ એક સાથે આપવાની સૂચના આપવામાં આવી હતી જેમાં ફેરફાર કરી અલગ અલગ રીતે જથ્થો આપવા સૂચના જારી કરી પરંતુ છાશવારે સર્વરમાં ખામી સર્જાતી હોવાથી સસ્તા અનાજના દુકાનદારો પણ મુશ્કેલીમાં મૂકાયા છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં તહેવારો સમયે પુરવઠા તંત્રનું સર્વર પાણીમાં બેસી જતાં રેશનીંગના જથ્થા માટે કાર્ડધારકોને કલાકો સુધી કતારોમાં ઉભું રહેવું પડ્યું હતું.

## સ્વર્ગસ્થ માતાને અનોખી શ્રદ્ધાંજલિ

# બાયડના જોષી પરિવારે વિધવાના દિવ્યાંગ પુત્રની સારવાર માટે રૂા.૨૫,૦૦૦ની સહાય કરી

## લાયન્સ કલબ-બાયડના કાયમી પ્રોજેક્ટને વંદન કરતી પ્રજા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

તા.૨૦ ઑગષ્ટના રોજ લાયન્સ કલબ-બાયડના પૂર્વ પ્રમુખ અતુલભાઈ વિઠ્ઠલભાઈ જોષીના માતા તારાબેન જોષીની પુણ્ય તિથિ હતી. સ્વર્ગસ્થ માતાને અનોખી રીતે શ્રદ્ધાંજલિ આપવાના ઉદેશ્ય સાથે લાયન્સ કલબ-બાયડના કાયમી પ્રોજેક્ટ અંતર્ગત ચોઈલા ગામના ૭૫ વર્ષિય વિધવાના દિવ્યાંગ પુત્રને સારવાર માટે રૂા.૨૫,૦૦૦નો ચેક આપી હૃદયસ્પર્શી કામ કરનારે લાયન્સ કલબ-બાયડના કાયમી પ્રોજેક્ટને તાલુકાની પ્રજાએ દિલથી વંદન કર્યા હતા. કેટલું કમાયા, કેટલું ભેગું કર્યું, તેના કરતાં કોને કેવી રીતે ઉપયોગી થયા..તે મહત્વનું છે અને તેની સુવાસ દાયકાઓ સુધી ચિરસ્થાયી રહેશે. બાયડ તેમજ આસપાસના ગામડાઓમાં જરૂરીયાતમંદોને મદદ કરવામાં જોષી પરિવારે ક્યારેય પણ પાછું વળીને જોયું નથી. જાણીતા બિલ્ડર અને સાંઈ ભક્ત અતુલભાઈ વિઠ્ઠલભાઈ જોષીએ તેમના માતા તારાબાની યાદમાં લાયન્સ કલબ-બાયડના કાયમી પ્રોજેક્ટ તરીકે તારાબા લાયન્સ હોલનની સ્થાપના કરી હતી. શુક્રવારે તારાબેન જોષીની પુણ્યતિથિ હોવાથી જરૂરીયાતમંદને મદદ કરવી છે તેવો વિચાર લાયન્સ કલબના અન્ય સભ્યો સમક્ષ વ્યક્ત કર્યો. જેમાં ચોઈલા ગામના બ્રાહ્મણ સમાજના વિધવા માતાના દિવ્યાંગ પુત્રને આર્થિક મદદ મળે તો તેની સારવાર થઈ શકે તેવી વિગતો જાણવા મળી. જેથી લાયન્સ કલબ-બાયડના પ્રમુખ નરેશભાઈ પરમાર, સેક્રેટરી દેવચંદભાઈ પરમાર, ડીસ્ટ્રીક્ટ ચેરમેન કમલેશભાઈ પટેલ, નિવૃત્ત પોલીસ અધિકારી ડી.ડી.મકવાણા, લીઓ પ્રમુખ ઋગ્વેદ પટેલ, લાયન્સ કલબ-ચોઈલા વાયબ્રન્ટ પ્રમુખ મનિષ ઉપાધ્યાય વગેરેને અતુલભાઈ જોષીએ પોતાના મનનો વિચાર વ્યક્ત કર્યો અને બધા ચોઈલા ગામમાં પહોંચ્યા જ્યાં જરૂરીયાતમંદ પરિવારને સહાયનો ચેક આપ્યો ત્યારે સૌની આંખમાં આંસુ આવી ગયા હતા. જોષી પરિવારે અન્ય પણ કોઈ મદદની જરૂર હોય તો મદદની ખાત્રી આપી હતી તેમજ ચોઈલા ગામમાં કેટલાક જરૂરીયાતમંદ વ્યક્તિઓને ફુડ ફોર હંગર પ્રોગ્રામ હેઠળ રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.




# આર.ટી.ઈ. એક્ટ : સાબરકાંઠા, અરવલ્લીમાં ધો.૧ માં પ્રવેશ માટેનો બીજો રાઉન્ડ શરૂ

## બીજા રાઉન્ડના અંતે પણ બેઠક ખાલી રહેશે તો ત્રીજો રાઉન્ડ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ સાબરકાંઠા, અરવલ્લીમાં ધો.૧ માં પ્રવેશ માટેનો બીજો રાઉન્ડ તા.૧૯ ઑગષ્ટથી શરૂ થયો છે. બીજા રાઉન્ડના અંતે પણ બેઠક ખાલી રહેશે તો ત્રીજો રાઉન્ડ સંભવ હોવાનું જાણવા મળ્યું છે. કેટલાક બાળકોને પોતાના રહેણાંક વિસ્તારથી દૂરના વિસ્તારની શાળામાં પ્રવેશ મળ્યો હોવાથી આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ મેળવવાનું ટાળતા હોવાનું સંભળાઈ રહ્યું છે.

કોરોનાના કપરા કાળ પછી વિલંબથી આર.ટી.ઈ. એક્ટ હેઠળ ધો.૧ માં પ્રવેશની પ્રક્રીયાનો પ્રારંભ થયો છે. રાજ્યના શિક્ષણ વિભાગે ખાનગી શાળાઓના હજારો બાળકોએ સરકારી પ્રા.શાળાઓમાં પ્રવેશ મેળવવાનો દાવો કર્યા પછી અનેક વાલીઓ ખાનગી શાળાથી મોહભંગ થઈ સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ માટે ઉત્સુક જણાય છે તેમ છતાં આ વર્ષે પણ આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ મેળવવામાં દેખીતી હરીફાઈ જોવા મળી. ખાનગી શાળાઓમાં ધો.૧ માં સંખ્યા ઘટતી હોવાથી સ્વાભાવિક આર.ટી.ઈ. એક્ટ હેઠળ ફળવાતા ક્વોટામાં ઓછી વિદ્યાર્થી સંખ્યા ફાળવવામાં આવી છે. પ્રથમ રાઉન્ડ શરૂ થયો ત્યારે કેટલીક જાણીતી ખાનગી શાળાઓમાં ધો.૧ માં વિદ્યાર્થીઓએ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પોતાનો પ્રવેશ પાકો કરી લીધો છે પહેલા રાઉન્ડના અંતે જે બેઠકો ખાલી રહી હતી તેમને બીજા રાઉન્ડમાં પ્રવેશ આપવામાં આવશે. આર.ટી.ઈ. એક્ટ હેઠળ વાલીઓમાં પણ એકંદરે પ્રવેશ માટે બહુ જાજો ઉત્સાહ દેખાતો નથી પરંતુ તમામ બેઠકો મોંડે મોંડે પણ ભરાઈ જશે.

# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સરકારનો વિરોધ કરવા કોંગ્રેસ દ્વારા કોવિડ-૧૯ ન્યાય યાત્રા

**૬૭ જિલ્લા, તાલુકા પંચાયત બેઠકો આવરી લેવાશે**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોંગ્રેસ દ્વારા કોવિડ-૧૯ ન્યાય યાત્રા યોજવાની તૈયારીઓ થઈ છે. સરકારનો વિરોધ કરવા આયોજીત યાત્રામાં બંન્ને જિલ્લાની કુલ-૬૭ જિલ્લા પંચાયત બેઠક અને તેની તાલુકા પંચાયત બેઠકોને આવરી લઈ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કોંગ્રેસ દ્વારા કોરોનાના કારણે મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને રૂા.૪ લાખની સહાય, મૃત્યુ પામેલા સરકારી વોરિયર્સના વારસદારોને સરકારી નોકરી તેમજ સંક્રમિત થયેલા દર્દીઓને સંપૂર્ણ સારવારનો ખર્ચ તાત્કાલિક ચૂકવવાની માંગ સાથે કોવિડ-૧૯ યાત્રા યોજાશે.

રાજયની રૂપાણી સરકારના સફળતાપૂર્વકના ૫ વર્ષના શાસનમાં થયેલ વિકાસ કામોની સિદ્ધિઓ સાથે જિલ્લામાં સરકારી સેવાસેતુ કાર્યક્રમો આયોજીત કરવામાં આવ્યા હતા. તાજેતરમાં યોજાયેલા કાર્યક્રમોમાં લાભાર્થીઓને સ્થળ ઉપર જ તેની અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો પરંતુ કોંગ્રેસે સરકાર તમામ મોરચે કોરોના કાળમાં નિષ્ફળ ગઈ હોવાના આક્ષેપો કરી સરકારના સમાંતર કાર્યક્રમો યોજી વિરોધ પ્રદર્શન દર્શાવ્યું હતું ત્યાં હવે કોંગ્રેસે ફરી એકવાર સરકાર સામે મોરચો માંડવા મરણિયો પ્રયાસ કર્યો છે. જિલ્લામાં કોંગ્રેસ દ્વારા કોવિડ-૧૯ ન્યાય યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કોંગ્રેસના આગેવાનો કાર્યકરો કોરોના પ્રભાવિત થયેલા ગામડાઓમાં જઈ કોરોનાથી મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ આપશે. આ ઉપરાંત સરકારની નિષ્ફળતાઓને પ્રજા વચ્ચે લઈ જવામાં આવશે. કોંગ્રેસ દ્વારા આ મુદ્દે બંન્ને જિલ્લાના હોદ્દેદારોએ કાર્યકરો સાથે ન્યાય યાત્રાની ચર્ચા વિચારણા સંપન્ન કરી યાત્રાનું આયોજન ગોઠવ્યું છે જેના કારણે સરકારનો વિરોધ કરવા માટે આયોજીત કોંગ્રેસની કોવિડ-૧૯ની ન્યાય યાત્રાથી રાજકારણ ગરમાઈ શકે છે.